## શૈક્ષણિક, પ્રાકૃતિક એક દિવસીય પ્રવાસઃ નર્મદા ડેમ

તા. ૧૦-૦૯-૨૦૧૬

સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત એન. એચ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, આણંદ દ્વારા ૨૦૧૬ના પ્રથમ સત્રમાં એક દિવસીય નર્મદા ડેમ મુલાકાતના પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું.

શિક્ષણની સાથે પ્રશિક્ષણાર્થીઓને વિવિધ સહઅભ્યાસિક અનુભવ મળી રહે તે હેતુ ધ્યાનમાં રાખી આચાર્ય ડૉ. ડી.યુ. પટેલ સાહેબના માર્ગદર્શન હેઠળ એક દિવસના પ્રવાસનું આયોજન કરાયું હતું. પ્રવાસ ઈન્ચાર્જ તરીકે ડૉ. જયકરભાઈ એસ. મેકવાને સમગ્ર જવાબદારી નીભાવી હતી. સાથે કોલેજના સ્ટાફમાંથી પ્રા. લક્ષ્મણભાઈ બલાત, પ્રા. સુભાષભાઈ મકવાણા, પ્રા. હિરેનભાઈ શાહ, શ્રી નિલેશભાઈ પરમાર તથા સેવકશ્રી અંબાલાલ વસાવા એ પ્રવાસમાં જોડાઈ સાથ આપ્યો હતો. પ્રથમ વર્ષના પ્રશિક્ષણાર્થીઓ અને સ્ટાફ મળી ૫૦ની સંખ્યામાં જોડાયા હતા. પ્રવાસ મંત્રી અનિરુદ્ધ સેંધવે સોંપેલ જવાબદારી નિભાવી હતી.

પ્રવાસમાં સરદાર સરોવર, કેવડીયા કોલની, સાધુ ટેકરી તથા પાવર હાઉસની મુલાકાત લીધી હતી. સાથે બનેલા વિવિધ સરોવરની મુલાકાત લીધી હતી. પાવર હાઉસમાં વીજળી નિર્માણની સમગ્ર પ્રક્રિયા નિહાળી હતી. ડેમ પાસે ભોજન કરી રાજપીપળા ખાતે હરસિદ્ધિ માતાનાં દર્શન કરી પાવન અનુભૂતિ કરી ત્યાંથી નીકળી પોઈચા પહોંચ્યાં. જ્યાં સ્વામીનારાયણ ભગવાનનું સુંદર મંદિર નર્મદા નદી કિનારે નિર્માણ પામ્યું છે, તે નિહાળ્યું અને અલૌકિક અનુભવ કર્યો. દર્શન કરી પરત આણંદ આવ્યા. આ એક દિવસીય પ્રવાસ આનંદમય, શૈક્ષણિક અનુભવવાળો રહ્યો.

---

## શૈક્ષણિક, સાંસ્કૃતિક, પ્રાકૃતિક પ્રવાસ - ભાવનગર જિલ્લો

તા. ૨૭-૦૧-૨૦૧૭ થી ૨૯-૦૧-૨૦૧૭

સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ, આણંદ દ્વારા સંચાલિત એન.એચ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન દ્વારા ત્રણ દિવસીય શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું.

વર્ગખંડ શિક્ષણકાર્યની સાથે સાથે વર્ગખંડ બહારનું તથા સહઅભ્યાસ પ્રવૃત્તિ સાથેના શિક્ષણનું વિદ્યાર્થીના ઘડતર માટે ઘણું મહત્ત્વ છે. કોલેજમાં આવતા પ્રશિક્ષણાર્થીઓના ઘડતર માટે આ સંસ્થા હંમેશં આવો પ્રયાસ કરતી રહી છે. તેના નિષ્કર્ષરૂપે આ પ્રવાસનું આયોજન કોલેજના આચાર્ય ડૉ. ડી. યુ. પટેલ સરના નેતૃત્વ હેઠળ કરવામાં આવ્યું. પ્રવાસ ઈન્ચાર્જ તરીકે ડૉ. જયકર એસ. મેકવાને સમગ્ર પ્રવાસની જવાબદારી સંભાળી. સાથે સ્ટાફમાં ડૉ. જે.જે. દીક્ષિત, પ્રા. હિરેન સી શાહ તથા બિન શૈક્ષણિક સ્ટાફમાં શ્રી રમેશભાઈ જોશી, શ્રી નિલેશભાઈ પરમાર અને સેવકભાઈ શ્રી અંબાલાલ વસાવાએ સાથ સહકાર આપ્યો હતો. કુલ ૮૦ પ્રશિક્ષણાર્થી બહેનો-ભાઈઓ તથા સ્ટાફના ૬ સભ્યો મળી ૮૬ની સંખ્યામાં પ્રવાસમાં જોડાયા હતા. પ્રવાસમંત્રી એસ.વાય. ના સઈદહુસેન તથા એફ.વાય.ના અનિરુદ્ધસિંહ સેંધવે જવાબદારી સંભાળી હતી.

૨૬-૦૧-૨૦૧૭ના રાત્રે ૧૨.૦૦ કલાકે આણંદથી પ્રવાસ શરૂ કરી સવારે ભાવનગર ખોડીયાર મંદિર પહોંચ્યા. ત્યાંથી દર્શન કરી દરિયાકિનારે કોળિયાક પહોંચ્યાં. જ્યાં દરિયામાં શિવ મંદિર પહોંચી દર્શન કરી બપોરે ત્યાં જમ્યાં. બપોર પછી અલંગ શિપીંગ બ્રેકીંગ યાર્ડ પહોંચ્યાં. જ્યાં પૂર્વમંજુરી સાથે એક યાર્ડમાં શીપ તોડવાની

પ્રક્રિયા નિહાળી. ત્યાંથી રાત્રે બગદાણા પહોંચી રાત્રીનિવાસ કર્યો. સવારે મંદિરે દર્શન કરી દરિયા કિનારે આવેલા ગોપનાથ મંદિરે પહોંચી દર્શન કર્યા. ત્યાંથી ઝાંઝમેર સુંદર દરિયા કિનારે પહોંચી કુદરતના નયનરમ્ય સ્થળનો આનંદ માણ્યો. ત્યાં વિવિધ રમતોનો આનંદ માણી પાલીતાણા જવા નીકળ્યાં. પાલીતાણામાં હસ્તગીરી ડુંગર જઈ સુંદર વાતાવરણ તથા મંદિરનો લાભ લીધો. પાલીતાણા રાત્રિ રોકાણ કરી સવારે શૈત્રુંજય પર્વત જઈ જૈન મંદિરો નિહાળી દર્શન કર્યા. બપોરે ભોજન બાદ લોથલ જવા નીકળ્યા. લોથલ પહોંચી સીંધુ ખીણ સંસ્કૃતિના અવશેષો દર્શાવતું મ્યુઝિયમ નિહાળ્યું તથા ખોદકામ કરતાં મળી આવેલી નગરી નિહાળી. ત્યાંથી પરત આવતાં ગણપતપૂરા દર્શન કર્યા. ભોજન કરી મિટીંગનું આયોજન કરી પ્રશિક્ષણાર્થીને માહિતી આપી તથા મંતવ્યો લીધાં. ત્યાંથી રાત્રે લગભગ ૧૦.૩૦ વાગ્યે આણંદ પરત આવ્યાં.

અમારા સર્વ માટે આ પ્રવાસ આનંદમય અને સુખદ રહ્યો. પ્રશિક્ષણાર્થીઓને અનુકૂલન સાથે વિવિધ શૈક્ષણિક અનુભવો મળ્યા.







